


# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો.**

**M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in



# પ્રિય સન્નારી

કેમ છો?

‘હૈ લહુ લગા ઉસ માથે પર
જિસ પર અબ તક પસીના થા
બિખરા થા વો બસ્તા ઉસકા
જિસમેં ખ્વાબ પશ્મીના થા.’

છેલ્લા કેટલાક સમયથી દેશ ને દુનિયામાં એક પછી એક દુર્ઘટના સર્જાઇ રહી છે જેના મૂળમાં માણસની લાપરવાહી છે. ઘરેથી નીકળેલી વ્યક્તિ સહીસલામત ઘરે પાછી ફરે એ હવે ચમત્કાર છે. ક્યારેક ક્યાં અકસ્માત સર્જાશે એની ખબર નથી પરંતુ ભારતમાં જે સડક - પુલ કે રેલવેની દુર્ઘટના બને છે એની પાછળ દુષ્ટ લોકોની અનૈતિકતા અને ગોબાચારી છે. પ્રજાનો એક વર્ગ મહેનત કરીને મરી જાય છે અને બીજો વર્ગ ભ્રષ્ટાચાર કરીને જલસા કરે છે. કામો યોગ્ય સમયે થતાં નથી. થાય છે તો એમાં ભલીવાર નથી હોતો. નિયમોની ઐસી-તૈસી અને હલકી ગુણવત્તાને કારણે દુર્ઘટના સર્જાતી રહે અને સાવ નિર્દોષ લોકો અકસ્માતમાં મૃત્યુરૂપે એની સજા પામે અને બાકીનાં લોકો આક્ષેપબાજી કરતા રહે. ક્યાં સુધી ચાલશે આ બધું? શું આપણી પાસે કોઇ એવો નાયક નથી જે પ્રજા માટે લડે? પ્રજાને ન્યાય અપાવે? લોકોની જિંદગીની કિંમત આપણા કરતાં અન્યત્ર ઓછી હશે ખરી? જ્યાં 84 લાખ દેવી-દેવતાઓ વસે છે, દરેક ગલીમાં મંદિર છે અને હર ઘરમાં ભગવાન છે. ભગવાનને પૂજનારા લોકો માણસને કઇ રીતે છેતરી શકે? માણસના જાનનું જોખમ જન્મે એટલી હદ સુધી ખોટું કઇ રીતે કરી શકે? શું આપણે એક નંબરના ‘મુખમેં રામ અને બગલમાં છુરી’ જેવા પાખંડી છીએ? ખરેખર તો આપણે આપણું આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે.

મંદિર- મસ્જિદમાં ભગવાન શોધવાને બદલે માનવમાં માત્ર માનવને જોશું તો પણ અડધી દુનિયા સુખી થઇ જશે. જ્યારે કંઇ પણ આકસ્મિક માનવસર્જિત ઘટના બને ત્યારે માણસમાંથી વિશ્વાસ હલી જાય છે. માણસનો માણસ પરનો ભરોસો ઉઠાડનાર તત્ત્વો



પણ અપરાધી નથી? એમને સજા ન થવી જોઈએ? ક્યાં સુધી સંતાકૂકડી રમતાં-રમતાં આવા દુષ્ટ લોકોને બચાવતાં રહીશું? કાયદો અને નેતા તો એમનો વાળ વાંકો કરી શકે એમ નથી. તો પ્રજાએ પોતાના હિતમાં ક્રાંતિનો માર્ગ અપનાવવાનો સમય નથી આવી ગયો? મનને પડકારતા, હતાશ કરતાં, આક્રોશ જન્માવતાં આ પ્રશ્નોનો કોઇ જવાબ છે તમારી પાસે?

સન્નારીઓ, દુર્ઘટનાઓની સાથે સાથે આજકાલ હત્યા અને આત્મહત્યાનો દોર પણ ચાલી રહ્યો છે. પતિપત્ની, પ્રેમી-પ્રેમિકા એકબીજાની હત્યા કરે કે મા-બાપ અને સંતાનો એકબીજાને મારતા ન અચકાય એ માનવીય સંવેદના અને માનવ સંબંધો પર કુઠરાઘાત છે. જેમને તમે જન્મ આપ્યો હોય, જે તમારા શરીરનો અંશ છે એને તમે તમારી માન્યતા, ગુસ્સો કે અહમને કારણે કઇ રીતે મારી શકો ? પ્રેમ અને લાગણી કરતાં માણસનો ગુસ્સો અને અહમ્ કઇ રીતે વધારે બળૂકો હોય શકે? અને લગ્નેતર સંબંધોને કારણે જેની સાથે જીવવા- મરવાનો વાયદો કર્યો હતો, જિંદગીની અનેક ખૂબસૂરત ક્ષણો પસાર કરી હતી એ ક્ષણોને કઇ રીતે નજરઅંદાજ કરી શકો? હત્યા એ કોઇ ઓપ્શન નથી. ન ફાવે તો છૂટાં પડો, સંતાનો સાથે મતભેદ છે તો ઘરમાંથી બહાર કાઢી મૂકો. દુનિયા બહુ મોટી છે તેઓ એમનું ફોડી લેશે. મારવાની શી જરૂર છે?

સન્નારીઓ, હત્યા એટલે માણસની નકારાત્મકતા અને ગુસ્સાનું પરિણામ જયારે આત્મહત્યા એટલે જિંદગીની હાર. દુનિયા પરનો અવિશ્વાસ, જીવવા માટેનું કોઇ કારણ ન દેખાવું વગેરે વગેરે. હમણાં એક મોડલે, સોશ્યલ મીડિયા ઇન્ફ્લુએન્સરે આત્મહત્યા કરી. કારણ? ફોલોઅર્સ ઘટી રહ્યા હતા. સારી કમેન્ટ નહોતી આવતી, લોકો ક્રીટીસાઈઝ કરતા હતા કે કરિયરનો ટ્રેક બરાબર ન્હોતો ચાલતો. આજની મિલેનિયમ અને ઝેન-ઝી બંને જનરેશનનાં હતાં. લોકોની ખુશી સોશ્યલ મીડિયાના ફોલોઅર્સના લાઈક અને કમેન્ટ પર આધારિત છે. અનેક ઇન્ફ્લુએન્સર ફોલોઅર્સની વધઘટ થતાં ડિપ્રેશનમાં જતા રહે છે. જે લોકોને તમે ઓળખતાં નથી, જેમની લાઈક્સ માત્ર તમને પ્રોફેશનલ બેનિફિટ્સ આપે છે એ એને મરવાની હદ સુધી લઇ જાય છે. રીલ્સ-પોડકાસ્ટ વગેરે કમાણીનું માધ્યમ પણ છે. જેમ અન્ય નોકરી-ધંધામાં ચડતીપડતી આવે છે એમ આમાં પણ આવી શકે. તમે દુનિયા સમક્ષ તમારી જાતને, આવડતને, સુંદરતાને મૂકો છો તો જરૂરી નથી કે તમે બધાંને જ ગમો, બધાં જ તમારા કન્ટેક્ટને એપ્રીસીએટ કરે. કોઇ સ્વીકારશે તો કોઇ નકારશે, કોઇ વખાણશે તો કોઇ ધુત્કારશે. જિંદગીમાં સંબંધ, વ્યવસાય, કલા, સૌંદર્ય બધે જ હકાર-નકારનું ચક્ર છે. આખી દુનિયા તમારી વાહ-વાહ કરે એ જરૂરી પણ નથી. જેમ સોશ્યલ મીડિયા પર તમારું પ્રેઝન્ટેશન સો ટચનું સોનું નથી એમ લોકોની ટીકા પણ સો ટચની નથી હોતી કે એને દિલ પર લેવી પડે અને ફોલોઅર્સ પણ ચાર દિવસની ચાંદની ઔર ફિર અંધેરી રાત જેવો ઘાટ છે. આપણી જિદંગીનો કંટ્રોલ અન્યના હાથમાં કઇ રીતે હોય શકે? થોડાં લોકો આપણને ન સ્વીકારે એટલે જિંદગીને બાય બાય કરવાનું? આ તો બુઝદિલી છે. સકસેસ એ જિંદગી નથી જિંદગીનો એક ભાગ છે. એક ભાગમાં ગરબડ થાય એટલે આખી જિંદગી નકામી નથી બની જતી એટલું સમજીને જીવવામાં સાર છે. નહીંતર આપણને હતાશ કરવા માટે અનેક પરિબળો તૈયાર છે. એ પરિબળોને ઓળખીએ અને આગળ વધીએ.

- સંપાદક



## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર પિન્કી નાણાવટીની છે. એણે M.Com.,C.A.નો અભ્યાસ કર્યો છે. પિન્કીને કુકીંગ, ટ્રેકીંગ અને ટ્રાવેલિંગનો શોખ છે